અરવલ્લી જિલ્લો ભીમમય બન્યો : જય ભીમના નાદ ગૂંજ્યા

મોડાસા શહેરમાં ડો.બાબા સાહેબ આંબેડકરની જ્યંતિની ભવ્ય શોભાયાત્રા સાથે બાઈક રેલી યોજી

મોડાસા, તા. ૧૪

ભારતના બંધારણના ઘડવૈયા અને વિશ્વ મહા માનવ ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતીની ઉજવણી અરવલ્લી જીલ્લાના મોડાસા સહીત શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. અનુસૂચિત જાતિ સમાજના અબાલ, વૃદ્ધ અને યુવા ભીમ મય બન્યા હતા. જીલ્લામાં ઠેર ઠેર ડૉ.બાબા સાહેબ આંબેડકરની રેલીઓ, સભાઓ ફિલ્મ પ્રદર્શન અને રાત્રી ઉજવણી મહોત્સવનું વિવિધ સંસ્થાઓ અને સંગઠનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ડૉ.બી.આર. આંબેડકર ઉત્સવ સમિતિ અરવલ્લી અને અનુસૂચિત સમાજ દ્વારા ભવ્યાતિભવ્ય શોભાયાત્રા અને વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં જીલ્લાના પ્રજાજનો જોડાયા હતા.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ડૉ.બી.આર. આંબેડકર ઉત્સવ સમિતિ, ભીમ સૈનિકો અને અનુસૂચિત જાતિ સમાજના યુવાનો અને અગ્રણીઓએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિ નિમિત્તે ભવ્યરથયાત્રા અને રેલીનું આયોજન કરવામાં આવતા રથયાત્રા અને બાઈક રેલીમાં વડીલો, યુવાનો મહિલાઓ અને ભૂલકાઓ મોટી સંખ્યામાં બાઈક, કાર, જીપ સાથે રેલીમાં જોડાયા હતા.

મોડાસા ચાર રસ્તા પર આવેલા બી.આર.સી. ભવનના મેદાનમાં અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરના પત્ની મેહુલબેન ઠાકોર, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન અને રાષ્ટ્રીય સ્વંયમ સેવક સંઘના સદસ્યો ઉપસ્થિત રહી ફુલહાર અને સુતરની આંટી પહેરાવી હતી.

મોડાસા શહેરમાં ભીમરેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. મોડાસા બસ સ્ટેન્ડ વિસ્તારમાં રેલી પહોંચતા સર્વોદય બેંકના ચેરમેન ઈકબાલ હુસેન ઈપ્રોલીયા અને લઘુમતી સમાજના અગ્રણીઓએ ફુલહાર પહેરાવી રેલીનું સ્વાગત કર્યું હતું. રથયાત્રા અને બાઈક રેલી વૃંદાવન, રામપાર્ક, કલ્યાણ ચોક, ઋષિકેશ, કૃષ્ણનગર, નિજાનંદનગર, ગુરુકુળ, જીવનજ્યોત, પ્રણમીનગર, ગોપીકુંજ અને પારસ સોસાયટી સહિતના માર્ગો પરથી પસાર થઈ ચાર રસ્તા પરત ફરી હતી. રથયાત્રામાં ડીજેના તાલે ડૉ.બાબા સાહેબ આંબેડકરના જીવનચિત્ર પર બનેલા ગીત-સંગીતના તાલે ભીમ સૈનિકો જુમી ઉઠ્યા હતા. મોડાસા શહેરના માર્ગો જય ભીમના નાદથી ગુંજી ઉઠ્યા હતા.

અરવલ્લી જીલ્લાના દધાલિયા, ટીંટોઈ, મઉ, કુડોલ, શામળાજી, માલપુર, મેઘરજ, બાયડ, સાઠંબા, ધનસુરા, ભિલોડા, અણીયોર-સાતરડા, બામણવાડ સહીત તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૨૮મી ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિતે શોભયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, રેલી સહિતના વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

વડગામ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર જયંતિની ઉજવણી કરાઇ

૧૪મી એપ્રિલ વિશ્વરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર ની જન્મ જયંતી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વડગામ ભોજકવાડી ખાતે ભાજપ અનુ જાતિ મોરચા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ના ફોટા ને ફુલહાર કરી ઉજવણી કરવામાં આવી જેમાં બનાસકાંઠા ના જિલ્લા પંચાયત સદસ્ય ફલજીભાઈ ચૌધરી. મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી. દશરદજી ઠાકોર. બાલકૃષ્ણ જિરાલા રાજેશ પરમાર. (ફતેહગઢ) નરેન્દ્રભાઈ સોલંકી. તાલુકા યુવા ભાજપના પ્રમુખ કામરાજભાઈ ચૌધરી (એદરાણા) પ્રદિપભાઈ કટારીયા (સલેમકોટ) અશોકભાઈ ભાટીયા. લાલજીભાઈ ચૌધરી દિપક પંડ્યા (પેપોળ) સતીષભાઈ ભોજક. બેચરભાઈ સોલંકી દિલીપ શ્રીમાળી સહીત તમામ કાર્યકર્તાઓ જોડાયા હતા અને બાબા સાહેબ ના જીવન કવન વિશે માહિતી આપવામાં આપીને આંબેડકર જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી.

મોડાસામાં ઉમિયા પરિવારે ધો.૧૦ અને ૧૨ કારકિર્દી સેમિનાર યોજ્યો

મોડાસા, તા. ૧૪

મોડાસા શહેરમાં શ્રી ઉમિયા પરિવાર મોડાસા દ્વારા શ્રી ઉમિયા માતાજી મંદિરના ભોજન વાડી હોલ ખાતે ધોરણ-૧૦ અને ધો.૧૨ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી સેમિનાર યોજાયો હતો. જેમાં શિક્ષણ પ્રેમી, કારકિર્દી માર્ગદર્શન કોલમિસ્ટ રાજેન્દ્ર ઉપાધ્યાય અને સ્ટડી એબ્રોડ અને શિક્ષણમાં ઉંડો રસ ધરાવનાર ડૉ.ઉમેશ ગુર્જર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને વાલીઓને અભ્યાસ અને કારકિર્દી માર્ગદર્શન આપવાની સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવાની સાથે વાર્તાલાપ યોજ્યો હતો. આ સેમિનારમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધાનેરામાં બાબાસાહેબની જન્મ જયંતિની ઉત્સાહ સાથે ઉજવણી કરાઈ

ધાનેરામાં બાબા સાહેબની જન્મ જયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જે શોભાયાત્રા નું વિવિધ જગ્યા ઉપર સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. ૧૪મી એપ્રિલ એટલે બાબા સાહેન આંબેડકરની જન્મ જયંતિ આજે સમગ્ર દેશ માં લોકો ખુબજ ઉત્સાહ સાથે બાબા સાહેબ ની જન્મ જયંતિ ની ઉજવણી કરી રહ્યા છે ત્યારે આજે ધાનેરા માં યુવા ભીમ સેનાએ દ્વારા બાબા સાહેબ ની જન્મ જયંતિ નિમિતે ધાનેરા માં ભવ્ય શોભાયાત્રા નીકળવામાં આવી હતી જેમાં દલિત સમાજ સહિત અન્ય સમાજ ના લોકો પણ જોડાયા હતા મોટી સંખ્યમાં માં લોકો બાબા સાહેબ ની ભવ્ય શોભાયાત્રા નીકાળી હતી અને આ શોભાયાત્રા ધાનેરા ના વિવિધ માર્ગો ઉપર ફરી હતી અને વિવિધ જગ્યા ઉપર લોકો એ બાબા સાહેબ ની આ શોભાયાત્રા સ્વાગત કર્યું હતું આ શોભાયાત્રા ધાનેરા ના વિવિધ માર્ગો ઉપર ફરી ધાનેરા ના લાલચોક ખાતે સભા માં ફેરવાઈ હતી અને ત્યાં લોકો બાબા સાહેબ ની પ્રતિ માં ને ફુલહાર ચડાવી બાબા સાહેબ ના નારા લગાવ્યા હતા અને બાબા સાહેબ ની જન્મ જયંતિ ની ઉજવણી કરી હતી.

રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ અરવલ્લી જિલ્લા દ્વારા ડૉ. બાબાસાહેબ જયંતિ ઉજવાઈ

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી દ્વારા આજરોજ બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિ નિમિત્તે તેમની પ્રતિમાને પુષ્પાંજલિનો કાર્યક્રમ સર્વોદયનગર (ડુંગરી), મોડાસા ખાતે થયો. જેમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી જિલ્લાના પ્રાથમિક વિભાગના પ્રમુખ મિનેષભાઈ પટેલ તથા ઉત્તર ગુજરાત (ઉચ્ચ શિક્ષણ)ના સંયોજક વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાતંત્ર્ય ભારતના પ્રથમ કાયદા પ્રધાન, ગરીબોના મસિહા, સામાજિક સમરસતાના પુરસ્કર્તા ભારતરત્ન એવા મહામાનવ ડૉ.ભીમરાવ સાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિ નિમિત્તે અખંડ ભારત રાષ્ટ્રીય સંઘના હોદેદારો દ્વારા ડૉ.બાબા સાહેબ આંબેડકર અમર રહોના નારા સાથે ડીસા ખાતે આવેલી તેમની પ્રતિમાને માલ્યાર્પણ કરવામાં આવેલ. જેમાં અખંડ ભારત રાષ્ટ્રીય સંઘના ગુજરાત પ્રદેશ મંત્રી જીતુભાઈ પરમાર, બનાસકાંઠા જીલ્લા પ્રમુખ જયેશભાઈ દેસાઈ, બનાસકાંઠા જિલ્લા યુવા પ્રમુખ જીગ્નેશભાઈ વ્યાસ, ઉપ. પ્રમુખ જીગ્નેશભાઈ બારોટ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

શામળાજી મેશ્વો ડેમમાં યુવાન પાણીમાં ડૂબી જતા મોત

અરવલ્લી જીલ્લામાં આવેલા મેશ્વો, વાત્રક અને માઝુમ જળાશયમાં આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકો જોખમ ખેડી મચ્છીની લિજ્જત માણતા હોય છે. તદઉપરાંત ગેરકાયદેસર માછીમારી કરી જીવન નિર્વાહ પણ ચલાવી રહ્યા છે. શામળાજી નજીક આવેલા મેશ્વો ડેમમાં મચ્છી લેવા ગયેલા વેણપુર ગામના યુવકનો મૃતદેહ ૪૮ કલાક પછી ડેમના પાણીમાં તરતો મળી આવતા પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

મોડાસાના સાંઈ મંદિરે ૧૨૧ કિલોની કેક કાપી રામનવમી અને સાંઈ જન્મોત્સવની ઉજવણી

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા અસ્થાના પ્રતીક સમાન સાંઈ મંદિરમાં મોડાસા શણગારતા ઝળહળી ઉઠ્યું હતું.

મોડાસાના માલપુર રોડ ખાતે આવેલા શિરડી સાંઈબાબા મંદિરમાં છેલ્લા દસ વર્ષથી

શિરડી સાંઈબાબા સત્સંગ મંડળ દ્વારા રામનવમીના દિવસે સાંઈબાબાનો પ્રાગટ્ય દિવસ હોઈ ૧૨૧ કિલોની કેક કાપી સાંઈ જન્મોત્સવની ઉજવણી કરી હતી. સાંઈબાબાના દર્શનાર્થે નગરજનો સહીત જિલ્લામાંથી ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. સાંઈબાબા મંદિર અને મંદિર પરિસર રોશનીથી સાંઈબાબાના પ્રાગટ્ય દિવસની અને રામનવમીની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવે છે. મોડાસા ખાતે આવેલા સાંઈ મંદિરમાં પણ કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. સાંઈબાબાના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ૧૨૧ કિલોની કેક કાપીને જન્મોત્સવ ઉજવાયો હતો અને કેક ભક્તોને પ્રસાદીરૂપે વહેંચી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો. રામનવની મહોત્સવ નિમિત્તે વહેલી સવારે આરતી, ત્યારબાદ ભગવાનને માવાની કેકનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. આ સાથે જ સાંઈ મંદિર પાટોત્સવ પૂજન અને શોભાયાત્રાનું પણ આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યમાં ભક્તો જોડાયા હતા અને રાત્રે ડાયરો અને હાસ્ય દરબાર અને ભજન કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગર આરઆરસેલે અણીયોર નજીક બોલેરો જીપમાંથી ૧.૭૨ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

ગાંધીના ગુજરાતમાં કહેવાતી દારૂબંધી હવે ફક્ત કાગળ પર જોવા મળે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોય કે પછી લોકસભા, વિધાનસભાની ચૂંટણી જાહેર થતા જ મતદારોને રીઝવવા દારૂની મહેફિલ જામતી હોય છે. મતદારો પણ ચૂંટણી સમયે લાલ પાણીની

ડિમાન્ડ કરતા હોવાથી ગુજરાતમાં મોટાપાયે વિદેશી દારૂ બુટલેગરો દ્વારા ઠાલવવામાં આવે છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના બાતમીદારો પર આર.આર.સેલના બાતમીદારો હાવી થઈ રહ્યા છે.

ગાંધીનગર આર.આર.સેલની ટીમે અરવલ્લી જીલ્લાની સરહદ પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂની હેરાફેરી અને જુગારના અડ્ડાઓ ચાલતા હોવાથી ધામા નાખ્યા છે. આર.આર.સેલના વીરભદ્રસિંહ અને તેમની ટીમે માલપુર સોમપુર ચોકડીથી ધનસુરા તરફ વિદેશી દારૂ બોલેરો જીપમાં ભરી પસાર થતા ઉભારણના ભરત રમેશ ઠાકોરને અણીયોર કંપા નજીકથી ૧.૭૨ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

માલપુરની સોમપુર ચોકડી તરફથી આવતી બોલેરો જીપની ઝડપ શંકાસ્પદ જણાતા અણીયોર નજીક વોચ ઉભી રહેલી આર.આર.સેલની ટીમે બોલેરો જીપ (ગાડી.નં-જીજે.૯.એમ.૬૦૪૬)ને અટકાવી તલાસી લેતા જીપમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની અને બિયર પેટી-૪૩ તથા છૂટી બોટલ-ટીન મળી કુલ નંગ-૧૬૦૨ કીં. રૂ.૧૭૨૨૦૦નો જથ્થો જપ્ત કરી ભરત રમેશ ઠાકોર (મૂળ રહે, વાલેર જી.બનાસકાંઠા) હાલ રહે, ઉભરાણ તા. માલપુર,જી-અરવલ્લીને દબોચી લઈ જીપની કીં. રૂ. ૪૦૦૦૦૦ મળી કુલ રૂ.૫૭૨૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ભરત રમેશ ઠાકોર વિરુદ્ધ માલપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ આગળની તપાસ માલપુર પોલીસસ્ટેશનને સુપ્રત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા-૨૦૧૯ની ચૂંટણીને અનુલક્ષીને ઠેર ઠેર નાકાબંધી અને વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવતું હોવાના દાવા અને સ્ટેટેટિક સર્વેલન્સની ટીમોનું પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. રાજસ્થાનમાંથી વિદેશી દારૂ ઘુસાડવા અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ પરથી વિદેશી દારૂ ભરી આવેલી બોલેરો જીપ મેઘરજ અને માલપુર સ્ટેશન વિસ્તારમાંથી પસાર થઈ ત્યાં સુધી બંને પોલીસ સ્ટેશનના કર્મચારીઓને ચકમો આપવામાં સફળ રહી કે પછી જવા દેવામાં આવી તે ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે.

વડગામમાં આવેલા પૂરવઠાના માલ ગોડાઉનમાં આગ લાગતાં અફડાતફડી

વડગામ, તા. ૧૪

વડગામ તાલુકા મથકે આવેલ પુરવઠા ના માલ ગોડાઉન માં અચાનક રાત્રીના સમયે આગ ભભુકી ઉઠતા મામલતદાર પુરવઠા મામલતદાર સહિતના

કર્મચારીઓ માં અફડાતફડી સાથે દોડધામ મચી જવા પામી હતી.

વડગામ માં આવેલા પૂરવઠા વિભાગના માલ ગોડાઉન માં અચાનક આગ લાગતાં ધુમાડા ના ગોટેગોટા બહાર નીકળતા મામલતદાર કચેરી ના સુત્રો ને તાત્કાલિક જાણ કરાઈ હતી જાણ થતાં જ વડગામ મામલતદાર આર.સી.ઠાકોર અને પુરવઠા નાયબ મામલતદાર સતીષભાઈ પંડ્યા ગોડાઉન ખાતે દોડી આવ્યા હતા અને તાબડતોબ પાલનપુર ફાયર ફાયટર ને જાણ કરતાં તાત્કાલિક ફાયર ફાયટર આવી ને પાણીનો મારો ચલાવી ને આગને કાબુમાં લીધી હતી.

માલ ગોડાઉન માં તપાસ કરાતાં ખાલી બારદાન અને તેલના કાર્ટૂન બલી જવા પામ્યા હતા જોકે સમયસર ફાયર ફાયટર આવી પહોંચતા મોટી ઘટના બનતી અટકી હતી આગ શોર્ટ સર્કિટ થી લાગી હોવાનુ અનુમાન લાગી રહ્યું છે માં વડગામ તાલુકા માં અડધો મહીનો થવા છતાં પુરવઠા નો જથ્થો હજુ સુધી પંડીત દિન દયાલ ગ્રાહક ભંડાર ના દુકાન યાદોને આપવામાં આવ્યો નથી માલ ગોડાઉન ના મેનેજર ની આડોડાઈ થી હજુ સુધી દુકાન ધારો માલ થી વંચિત રહેવા પામ્યા છે.

ધનસુરા નજીક અણીયોર ત્રણ રસ્તા ચોકડી પર બાઈકને પાછળથી ટક્કર મારતા એકનું મોત

ધનસુરા, તા. ૧૪

દેશના ઉત્તરમાં આવેલા રાજ્યો મુંબઈ સહીત દક્ષિણના રાજ્યો સાથે જોડાતો ટૂંકો માર્ગ અરવલ્લી જિલ્લામાંથી પસાર થતો હોવાથી મોડાસા-ઉમરેઠ (ડાકોર) રાજ્યધોરી માર્ગ-૨૭નો મોટા પ્રમાણમાં ટ્રક-ટ્રેલર ચાલકો ઉપયોગમાં લેતા હોવાની સાથે બેફામ હંકારતા સતત અકસ્માતની ઘટનામાં નિર્દોષ લોકોનો ભોગ લેવાઈ રહ્યો છે. ધનસુરા-બાયડ રોડ પર અણીયોર ત્રણ રસ્તા નજીક બાઈકને પાછળથી ટ્રકે ટક્કર મારતા બાઈક પાછળ બેઠેલ ઉમરેઠના એક આધેડનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બાઈક ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે મૃતકની લાશને પીએમ માટે મોકલી કયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રવિવારે સવારે ધનસુરા-બાયડ રોડ પર બાઈકે પાછળથી ટ્રકે અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાતા ૧ વ્યક્તિનું ઘટનસ્થળે મોત નીપજ્યું હતું. ખેડા જીલ્લાના ઉમરેઠ ગામના ઘનશ્યામભાઈ બાબુભાઈ કાછીયા અને નટવરભાઈ શંકરભાઈ કાછીયા બાઈક લઈ ધનસુરા સામાજિક પ્રસંગમાં હાજરી આપવા અને સંબધીને મળવા આવતા હતા. ધનસુરા-માલપુર ત્રણ રસ્તા પર બાયડ તરફથી આવતા ટ્રકના ચાલકે પાછળથી ગફલતભરી રીતે હંકારી બાઈકને જોરદાર ટક્કર મારતા બાઈક પાછળ બેઠેલા નટવરભાઈ શંકર ભાઈ કાછીયા (ઉં.વર્ષ-૬૬) રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બાઈક ચાલક ઘનશ્યામ કાછિયાના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના સ્થળે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્તને વાત્રક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે મૃતકના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અકસ્માત સર્જી ઘટના સ્થળે ટ્રક મૂકી ફરાર થયો હતો.